ગુરૂવાર, 4 ડિસેમ્બર, 2025 માગશર સુદ ચૌદસ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## ઓસિયા હાયપરમાર્કેટના કૌભાંડમાં મટિરિયલ સપ્લાય વેન્ડરોના કરોડો રૂપિયા ફસાયા

સસ્તા ગ્રોસરી અને ઘરગથ્થુ પ્રોડક્ટ્સ માટે જાણીતા ઓસિયા હાયપરમાર્કેટ રિટેલ લિમિટેડ સામે હાલમાં પેમેન્ટ વિવાદની ચર્ચા ઉઠાઈએ છે. અમદાવાદ સહિતના અનેક વેપારીઓનો દાવો છે કે કંપનીએ ક્રેડિટ પર ભારે પ્રમાણમાં માલ લઈને સમયસર ચુકવણી કરી નથી, જેના કારણે તેમની સામે કરોડો રૂપિયાનો બોજ ઉભો થયો છે. વેપારીઓને આપવામાં આવેલા કેટલાક ચેક રિટર્ન થયા હોવાનું પણ ચર્ચામાં છે, જેના કારણે આ વિવાદ વધુ ગંભીર બન્યો છે.

વેન્ડરોએ જણાવ્યું છે કે કંપનીના ઓફિસ સ્ટાફ તરફથી સ્પષ્ટ જવાબ મળતો નથી અને વારંવાર સંપર્ક કરવા છતાં સંતોષકારક સ્પષ્ટતા મળતી નથી. આ વચ્ચે, બ્રાન્ડ સાથે સંકળાયેલા ધીરેન્દ્ર ચોપરાની તરફથી પણ કોઈ સત્તાવાર જવાબ બહાર આવ્યો નથી, જેના કારણે વેપારીઓમાં અસંતોષ અને ગૂંચવણ બંને વધી રહ્યા છે.

સૂત્રો મુજબ ચર્ચા છે કે જો સમગ્ર મામલો ખુલ્લો પડે તો આંકડા વધુ મોટો હોઈ શકે છે, જોકે આ બાબતમાં કંપની તરફથી કોઈ પુષ્ટિ અથવા નકાર નોંધાયો નથી. હાલની તમામ જાણકારી વેપારીઓના દાવાઓ અને બજારમાં ચાલતી ચર્ચાઓ પર આધારિત છે. હકિકત જાણવા સત્તાવાર નિવેદનની રાહ જોવાઈ રહી છે.

**વેન્ડરોના દાવા અનુસાર ઓસિયા હાયપરમાર્કેટમાં ક્રેડિટ પેમેન્ટ વિવાદ તેજ, ચેક રિટર્નની ચર્ચા; કંપનીની સત્તાવાર સ્પષ્ટતા બાકી.**




## ભાભર મીઠા ગામે ૮૦૬ બોટલ દારૂ ઝડપી

જિલ્લામાં દારૂબંધીના સખત અમલ વચ્ચે SOGની કામગીરી દરમિયાન ભાભર તાલુકાના મીઠા ગામેથી વિદેશી દારૂનો મોટો જથ્થો બહાર આવ્યો. નિયમિત પેટ્રોલિંગ દરમિયાન મળેલી માહિતીના આધારે શ્રવણભાઈ ઉર્ફે સનો વરજંગજી ઠાકોરના ઘરેથી દરોડો પાડતાં ૮૦૬ બોટલ અને બિયરના ટીન મળી આવ્યા. જથ્થાની બજાર કિંમત રૂ.ર.૭૫ લાખથી વધુ ગણાઈ છે. દારૂની બોટલો ઘર અંદર અલગ-અલગ જગ્યાએ સંતાડેલી હાલતમાં મળી આવી હતી. સમગ્ર મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે, જ્યારે જથ્થો ક્યાંથી લવાયો તેની દિશામાં તપાસ ચાલુ છે.

## રડોસણ કેનાલ ગાબડાથી ખેતરો જળબંબાકાર થયા

સુઈગામ તાલુકાના રડોસણ કેનાલમાં ૧૦ ફૂટનું ગાબડું પડતાં ખેતરો જળબંબાકાર. નર્મદાના પાણી ખેતરોમાં ફરી વળતાં વાવેલા બીજ બળી જવાની ભીતિ છે. ખેડૂતોએ નુકસાન માટે હલકી ગુણવત્તાનું કામ કરનાર કોન્ટ્રાક્ટર અને બેદરકાર અધિકારીઓને જવાબદાર ઠેરવ્યા. ખેડૂતોની લાંબા સમયની માંગણીની અવગણના થતાં આ ઘટના બની છે. ખેડૂતોએ સમગ્ર કામગીરીની વિજિલન્સ તપાસ કરાવવાની માંગ કરી છે.



## થરાદ: કાળા કાચવાળા વાહનો સામે ઝુંબેશ, ફિલ્મ ઉતરાવી દંડ, ડિટેઈન



થરાદ હાઈવે પર ટ્રાફિક વિભાગ દ્વારા કાળા કાચ (બ્લેક ફિલ્મ) લગાવેલા વાહનો સામે વિશેષ ઝુંબેશ શરૂ કરાઈ છે. નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો પાસેથી દંડ વસૂલવામાં આવ્યો, જ્યારે કેટલાક વાહનોને ડિટેઈન કરવામાં આવ્યા. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે ટ્રાફિક નિયમોનું પાલન ન કરનાર અને નંબર પ્લેટ વગરના વાહનો સામે પણ કડક કાર્યવાહી ચાલુ રહેશે, જેનો ઉદ્દેશ ગુનાહિત પ્રવૃત્તિઓ અટકાવવાનો છે.

## સુરત સરથાણા: કેમિકલ યુનિટમાં આગ, માલિક-કામદાર દાઝ્યા




આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકાના પીપળાવ ખાતે આવેલી બેંક ઓફ બરોડામાં રૂ. ૩૧.૫૫ લાખની માતબર રકમનું ગોલ્ડ લોન કૌભાંડ બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. કાસોરના મિતેષ મનુ પરમાર નામના શખસે ગામના ૭ જેટલા ઈસમોના નામે બનાવટી સોનું ગીરો મૂકીને લાખો રૂપિયાની લોન મેળવી હતી. બેંકના ઓડિટ દરમિયાન ગીરો મૂકાયેલું સોનું નકલી હોવાનું ખૂલ્યું હતું.

તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે જે ઈસમોના નામે લોન લેવામાં આવી હતી, તેમને આ અંગે કોઈ જાણ નહોતી, માત્ર મિતેષે તેમના ખાતામાં પૈસા જમા કરાવ્યા હતા. આ ઘટના બાદ બેંકને આર્થિક નુકસાન થયું છે. બેંક દ્વારા ભગુભાઈ કાંતિભાઈ ગોહેલને ફરિયાદી બનાવી મિતેષ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

નોંધનીય છે કે, આટલી મોટી રકમનું નકલી સોનું બેંકમાં કેવી રીતે ગીરો મુકાયું તે સવાલ ઉઠાવે છે. જેના કારણે બેંકે નીમેલા સોની અને અગાઉ ફરજ બજાવી ચૂકેલા બેંક મેનેજર સહિત અન્ય કર્મચારીઓની સંડોવણીની શક્યતા પોલીસે હાલમાં વ્યક્ત કરી છે. પોલીસે મુખ્ય આરોપી મિતેષ પરમારની ધરપકડ કરીને આ સમગ્ર રેકેટમાં સામેલ અન્ય નામોની સંડોવણી અંગે સઘન તપાસ શરૂ કરી છે.

## કાલોલ નજીક કારમાં આગ, ૬ યાત્રીઓનો આબાદ બચાવ

કાલોલ શહેર નજીક હાઈવે પર આજે બપોરે એક મોટી દુર્ઘટના ટળી હતી. ભારત પેટ્રોલ પંપ પાસે મધ્યપ્રદેશના શ્રદ્ધાળુઓની ઈકો કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ કારમાં સવાર ચાર પુરુષ અને બે મહિલાઓ પાવાગઢ દર્શનાર્થે જઈ રહ્યા હતા ત્યારે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

જોતજોતામાં કાર અગનગોળામાં ફેરવાઈ ગઈ હતી, પરંતુ સમયસૂચકતા વાપરી તમામ યાત્રીઓ તાત્કાલિક નીચે ઉતરી જતા તેમનો ચમત્કારિક બચાવ થયો હતો. આગના પગલે સ્થાનિક રહીશો દોડી આવ્યા હતા અને કાલોલ ફાયર બ્રિગેડની ટીમે પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

## ગોધરા: ચાલુ ST બસમાં કંડક્ટરની યુવતી સાથે છેડતી

ગોધરા: જાહેર પરિવહનમાં મહિલાઓની સુરક્ષા પર સવાલો ઉઠાવતો એક ચોંકાવનારો બનાવ ગોધરા તાલુકાના કેવડિયા ગામ નજીક સામે આવ્યો છે. ગીતામંદિર ડેપોથી પીટોલ બોર્ડર જતી ગુજરાત રાજ્ય પરિવહન નિગમ (ST)ની બસમાં એક યુવતી સાથે બસ કંડક્ટરે અસભ્ય વર્તન કરીને છેડછાડ કરવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

2 ડિસેમ્બરના રોજ યુવતી બસમાં મુસાફરી કરી રહી હતી. ગોધરા સ્ટેશન પર મોટાભાગના મુસાફરો ઉતરી ગયા બાદ, બસ કંડક્ટર યુવતીની બાજુની ખાલી સીટ પર આવીને બેસી ગયો હતો. યુવતીના જણાવ્યા મુજબ, કંડક્ટરે અચાનક તેનો હાથ પકડીને પોતાના મોઢા તરફ ખેંચી ચુંબન કરવાનો પ્રયાસ કર્યો હતો. આ હરકતથી ગભરાયેલી યુવતીએ તુરંત જ વિરોધ કરીને પોતાનો હાથ છોડાવ્યો હતો. કંડક્ટરે તેના સરનામા અને મોબાઇલ નંબર વિશે પૂછપરછ કરવાનું શરૂ કરતા યુવતી વધુ ભયભીત થઈ ગઈ હતી. સમયસૂચકતા વાપરીને યુવતીએ તરત જ દાહોદ રહેતા પોતાના જીજાજીને ફોન અને વ્હોટ્સએપ મેસેજ કરીને આ સમગ્ર બનાવની જાણ કરી.




**ગોધરા પાસે ST બસ કંડક્ટરે યુવતીની છેડતી કરતા ચકચાર. હાલોલમાં સાસરિયાના ત્રાસથી પરિણીતાની ફરિયાદ. વાંચો ક્રાઈમ રિપોર્ટ.**

## અંબાજી: FDDના દરોડા, ૨૭ એકમો પર તપાસ, ૬૦ કિલો ખાદ્ય જથ્થો નાશ





અંબાજીમાં યાત્રાળુઓના આરોગ્યની સુરક્ષા માટે FDDની ટીમો મેદાનમાં. હોટલ અને રેસ્ટોરન્ટ સહિત ૨૭ એકમો પર દરોડા પાડ્યા. તપાસમાં ખુલ્લા ફ્રીજમાં રાખેલા શાકભાજી અને વાસી સંગ્રહેલી ૬૦ કિલોથી વધુ ખાદ્યસામગ્રી મળી આવી, જેનો સ્થળ પર જ નાશ કરાયો. અધિકારી તેજેન્દ્ર પટેલે વપરાયેલા તેલનો વારંવાર ઉપયોગ ટાળવા વેપારીઓને સૂચના આપી. કાર્યવાહી મોડી રાત સુધી ચાલી.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## મહુવા: લગ્ન પ્રસંગમાં ૭ લાખના દાગીનાની ચોરી, CCTV રેકોર્ડિંગ બંધ

મહુવાના લગ્ન પ્રસંગમાં ગમગીની: રામવાડી ખાતે ચાલી રહેલા લગ્ન પ્રસંગમાં દાંડિયારાસની મજા માણી રહેલા મહેમાનોના ૬-૭ લાખ રૂપિયાના સોનાના દાગીનાની ચોરી થઈ. ભાવનગરના હિનાબેન ચાવડાના બેગમાંથી બે પાટલા અને સોનાનો સેટ ચોરાયો. દુઃખદ બાબત એ છે કે, વાડીના સીસીટીવી કેમેરા ચાલુ હતા, પણ રેકોર્ડિંગ બંધ હતું. પરિવારે લગ્ન બાદ ફરિયાદ નોંધાવવાની તૈયારી બતાવી.



## આણંદમાં ફૂડ પ્રોસેસિંગ પ્રોજેક્ટ્સને સબસિડી મંજૂર

આણંદ જિલ્લાના નાના ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે કલેક્ટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને PMFME યોજનાની જિલ્લા કક્ષાની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના ૭ નવા પ્રોજેક્ટ્સને મંજૂરી મળી હતી, જે અંતર્ગત રાઇસ મિલ, એનિમલ ફીડ અને બેકરી પ્રોડક્ટ્સ જેવા ક્ષેત્રો આવરી લેવાયા છે.

આ મંજૂર થયેલા પ્રોજેક્ટ્સનો કુલ યુનિટ કોસ્ટ રૂ. ૧૬૪.૧૩ લાખ છે, જેના માટે લાભાર્થીઓને રૂ. ૫૩.૧૧ લાખની સબસિડી આપવામાં આવશે. નાયબ બાગાયત નિયામકે જણાવ્યું કે આ યોજના હેઠળ કૃષિ-આધારિત તમામ પ્રોસેસિંગ યુનિટ્સને ૩૫% (મહત્તમ ૧૦ લાખ) ની સહાય રાજ્ય સરકાર દ્વારા અપાય છે.

કલેક્ટર ચૌધરીએ વધુમાં વધુ લોકોને આ યોજનાનો લાભ લેવા માટે અપીલ કરી હતી. જે લાભાર્થીઓ PMFME યોજનાનો લાભ લેવા માંગતા હોય તેઓ વધુ જાણકારી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, જૂનું જિલ્લા સેવા સદનનો રૂબરૂ સંપર્ક કરી શકે છે.



**આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને PMFME યોજનામાં ૭ ફૂડ પ્રોસેસિંગ પ્રોજેક્ટ્સને રૂ. ૫૩.૧૧ લાખની સબસિડી મંજૂર કરવામાં આવી. યોજનાનો લાભ લેવા સંપર્ક કરો.**

## પાલીતાણામાં મારુ દંપતિ દેહદાન સંકલ્પથી માનવતાનો સંદેશ

પાલીતાણામાં આંબેડકર સોસાયટીના લાલજીભાઈ અને મંજુલાબેન મારુ દંપતીએ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના દેહદાન સંકલ્પ પત્ર અભિયાનથી પ્રેરાઈ માનવતાવાદી નિર્ણય લીધો છે. 58 વખત રક્તદાન કરી ચૂકેલા લાલજીભાઈએ દેહદાનનો સંકલ્પ કરીને સમાજે માટે નવી દિશા આપી છે. મંજુલાબેનએ પોતાના જન્મદિવસે પતિના સંકલ્પને ટેકો આપતા દેહદાન પત્ર ભરીને સેવા મૂલ્યોને આગળ વધાર્યા. તેમના પુત્ર દિનેશભાઈ સહિત પરિવારજનોએ પણ આ નિર્ણયને સહમતી આપી છે. રેડક્રોસના અધિકારીઓ તથા કાર્યકર્તાઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા.



## આણંદ: કમોસમી વરસાદ સહાયની અરજીનો આજે છેલ્લો દિવસ,



આણંદ જિલ્લાના જે ખેડૂતોને કમોસમી વરસાદને કારણે પાક નુકસાની થઈ હોય, તેમના માટે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા કૃષિ રાહત પેકેજ હેઠળ અરજી કરવાની અંતિમ તારીખ ૫મી ડિસેમ્બર છે. સરકારે હેક્ટર દીઠ રૂ. ૨૨ હજારની સહાય (મહત્તમ ૨ હેક્ટર) જાહેર કરીને ખેડૂતો પ્રત્યે સંવેદના દર્શાવી છે.

જિલ્લા ખેતીવાડી અધિકારી ચિંતન પટેલના જણાવ્યા મુજબ, કુલ ૬૮ હજાર અરજીઓ મળી છે, જેમાંથી ૩૦ હજાર અરજીઓ મંજૂર કરાઈ છે. ખાસ કરીને, ૯,૦૭૧ ખેડૂતોના બેંક ખાતામાં રૂ. ૧૪.૭૦ કરોડની માતબર રકમનું ઓનલાઈન ચુકવણું પણ પૂર્ણ કરી દેવાયું છે. બાકી રહેલી અરજીઓની ચકાસણીનું કામ ઝડપભેર ચાલી રહ્યું છે, જેથી સમયસર તમામ પાત્ર ખેડૂતોને સહાય મળી શકે. ખેડૂતોને અપીલ છે કે જો અરજી ન કરી હોય તો આજે જ પૂર્ણ કરે.

## પાલિતાણા મહિલા કૉલેજ કબડ્ડી ટીમ જિલ્લા ચેમ્પિયન

ખેલ મહાકુંભ-2025ની ભાવનગર જિલ્લા ગ્રામ્ય કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં પાલિતાણા મહિલા કૉલેજે ચેમ્પિયનશિપ જીતતા ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. સાત સભ્યોની ટીમે પહેલા મહુવાની ટીમ સામે જીત મેળવી હતી. ત્યારબાદ ફાઇનલમાં સેન્દરડાની ટીમ સામે શિસ્તબદ્ધ, સંકલિત અને દમદાર રમત દ્વારા વિજય હાંસલ કર્યો. ખેલાડીઓના આ પ્રદર્શનથી કૉલેજને જિલ્લા સ્તરે વિશેષ ગૌરવ મળ્યું છે.

વિજેતા ટીમમાં મનીષાબા, કૈલાસ ભાદરકા, કિંજલ ગોહિલ, ગુલાબ ચાવડા, મહેંદી રાઠોડ અને વૈશાલી ચૌહાણ જેવી પ્રતિભાશાળી ખેલાડીઓનો સમાવેશ થાય છે. કૉલેજના ટ્રસ્ટ પ્રમુખ મયુરસિંહ સરવૈયા, આચાર્ય ડૉ. પંકજ ત્રિવેદી અને સ્પોર્ટ્સ વિભાગે ખેલાડીઓને અભિનંદન પાઠવી વધુ સફળતાઓ માટે શુભેચ્છા આપી છે. ટીમના હેડ કોચ નિલેશ રાજયગુરુ અને કોચ અમરસિંહ રાઠોડના માર્ગદર્શનને પણ વખાણ મળ્યા.




## ભાવનગરના નવાં ઓવરબ્રિજનું નામકરણ હજી ચર્ચામાં અટવાયું

ભાવનગરના દેસાઈનગરથી આર.ટી.ઓ સર્કલ સુધીનો 1.5 કિમી લાંબો અને 115 કરોડથી વધુ ખર્ચે બનાવાયેલો ઓવરબ્રિજ પૂર્ણ થઈ ત્રણ મહિના થઈ ગયા છતાં તેનું સત્તાવાર નામકરણ થયા વગર જ ખુલ્લો મુકાયો છે. બ્રિજ બાજુ આવેલી ખાતમુહૂર્ત તકતી પણ અધૂરી હાલતમાં છે, જેમાં ઉદ્ઘાટક, તારીખ અથવા તબક્કાની કોઈ માહિતી દર્શાવવામાં આવી નથી. ત્રણ અલગ પ્રસંગે ખાતમુહૂર્ત થયેલા આ પ્રોજેક્ટનું સત્તાવાર ખાતમુહૂર્ત કયું ગણાશે તે અંગે પણ સ્પષ્ટતા નથી. નાગરિકોનું માનવું છે કે શહેરના મહત્વના પ્રોજેક્ટને અધિકૃત ઓળખ આપવી હવે ટૂંક સમયમાં જરૂરી બની.

## આણંદ: દબાણ હટાવ ઝુંબેશમાં ૭ દુકાનદારો પાસેથી રૂ. ૭૦,૦૦૦નો દંડ

કરમસદ-આણંદ મહાનગરપાલિકાએ શહેરના નાગરિકોને ટ્રાફિકની અસુવિધામાંથી મુક્ત કરવા માટે એસ્ટેટ વિભાગ દ્વારા દબાણ હટાવવાની કડક ઝુંબેશ શરૂ કરી છે. આ કાર્યવાહી અંતર્ગત, મોટી શાકમાર્કેટ વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યો હતો, જ્યાં વારંવારની સૂચનાઓ છતાં લારીઓ ઊભી રાખી ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જતા હતા. આ વિસ્તારમાંથી ૩ લારીઓ અને અન્ય દબાણકર્તા સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

મનપાએ દબાણકર્તાઓ સામે માત્ર હટાવવાના પગલાં નહીં પણ દંડ વસૂલવાની પણ કડક નીતિ અપનાવી છે. અમુલ ડેરી રોડ પર આવેલી ૭ દુકાનોના માલિકોએ દુકાનનો માલસામાન રોડ પર મૂકીને લોકોના અવરજવરને અવરોધ્યો હતો. આ ૭ દુકાનદારો પાસેથી મહાનગરપાલિકાએ પ્રત્યેક રૂ. ૧૦,૦૦૦ લેખે કુલ રૂ. ૭૦,૦૦૦નો દંડ વસૂલ્યો છે.

મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગે તમામ દુકાનદારોને ફૂટપાથ કે જાહેર રસ્તા પર માલસામાન ન મૂકવા માટે સખત અપીલ કરી છે. વિભાગે ભારપૂર્વક જણાવ્યું છે કે જો ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ કે દુકાનદાર ટ્રાફિક સમસ્યા ઊભી કરશે, તો કાયદાકીય જોગવાઈઓ હેઠળ સખત દંડ અને જરૂરી કાર્યવાહી કરવામાં આવશે, જેથી શહેરના રસ્તાઓ ખુલ્લા અને સલામત રહે.



## આણંદમાં સ્વસહાય મહિલા જૂથો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આણંદ મનપાના UCD-NULM વિભાગે 'શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫' અંતર્ગત સ્વ સહાય જૂથની ૭૦થી વધુ મહિલાઓ માટે કાર્યક્રમ યોજ્યો. આ પ્રસંગે વાનગી, મહેંદી અને વેસ્ટમાંથી બેસ્ટ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું. સાથે જ નાણાકીય સાક્ષરતા અને બંધારણ દિન નિમિત્તે મહિલા અધિકારો અંગે જાગૃતિ શિબિર યોજાઈ. FLCC-સંજયભાઈ વાળંદે બેંક યોજનાઓ સમજાવી, જ્યારે મહિલા બાળ વિકાસ કચેરીએ કાયદાઓની માહિતી આપી. વિજેતા મહિલાઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરાઈ.

## આણંદ હાઈસ્કૂલના ડૉ. રાવતને 'અતુલ્ય વારસો એવૉર્ડ'

આણંદ હાઈસ્કૂલના ભાષાશિક્ષક ડૉ. રાકેશ રાવતને ગાંધીનગર ખાતે 'અતુલ્ય વારસો આઈડેન્ટીટી એવોર્ડ-૨૦૨૫' થી સન્માનિત કરાયા. લોકસાહિત્યના દસ્તાવેજીકરણ ક્ષેત્રે તેમના અનન્ય યોગદાન બદલ તેમને આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થયો. શિક્ષણ સાથે કલા-સંસ્કૃતિનું સંયોજન કરીને તેઓ વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિની ઓળખ જગાડી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ડૉ. રાવત સહિત ૧૧૫ ઉપાસકોના પ્રયાસોને બિરદાવ્યા હતા.


**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ભાવનગરમાં સ્મશાન પાસે જુગાર રમતા ચાર ઈસમ ઝડપાયા

ભાવનગર શહેરમાં નવા બંદર સ્મશાન પાછળ ખુલ્લા ખારમાં મોબાઈલ લાઇટના અજવાળે તીનપત્તી રમતા ચાર ઈસમોને એલસિબીએ રેઇડ કરી ઝડપી લીધા. સ્થળ પરથી ગંજીપત્તાના પાના અને રૂ.36,310ની રોકડ રકમ મળી આવી. રમતા ઈસમોમાં એક વિદ્યાર્થી પણ સામેલ હતો, જ્યારે ચાર સાથીદાર અંધારાનો ફાયદો લઈ નાસી છૂટ્યા. ખુલ્લી જગ્યામાં સટ્ટાબાજી થતાં સ્થાનિકોમાં ચકચાર ફેલાઈ છે. ભાગેડુ આરોપીઓની શોધ માટે તંત્ર દ્વારા કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી




## ADMનો આદેશ: ઓળખ ચકાસણી હવે ફરજિયાત

ભાવનગર જિલ્લામાં આગામી તહેવારો દરમિયાન ગુનાહિત પ્રવૃત્તિ કે આતંકવાદી ઘટનાને અંજામ આપવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર સફાળું જાગ્યું છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી. ગોવાણીએ જિલ્લામાં જાહેર સલામતી જાળવવા માટે એક મહત્વનું જાહેરનામું બહાર પાડ્યું છે.

ADMના આદેશ મુજબ, ભાવનગર જિલ્લાના તમામ શહેરી, ગ્રામ્ય અને ઔદ્યોગિક વિસ્તારોના મકાન માલિકો અને ઉદ્યોગોના સંચાલકોએ કોઈ પણ વ્યક્તિને મકાન ભાડે આપતા પહેલા કે લેબર તરીકે રાખતા પહેલા તેમની સંપૂર્ણ ઓળખ અને દસ્તાવેજોની ખરાઈ કરવી પડશે. જેમાં ભાડુઆત/લેબરના પાકા નામ, સરનામા, ફોટા, પાસપોર્ટ, ડ્રાઇવિંગ લાયસન્સ અને પાનકાર્ડ જેવા પુરાવાઓ મેળવીને તેની જાણ અચૂકપણે સંબંધિત પોલીસ સ્ટેશનને કરવાની રહેશે.

આ જાહેરનામું ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે. ADM ગોવાણીએ જણાવ્યું કે, ભૂતકાળના અનુભવોના આધારે બહારથી આવતા ઇસમો આશરો લઈ શકે છે, તેથી લોકોની સલામતી માટે આ પગલું લેવાયું છે. તેમણે લોકોને અપીલ પણ કરી કે ભાડે આપનાર વ્યક્તિની પૂરતી ખરાઈ કરો. આદેશનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાયદેસરની કાર્યવાહી થશે.


## વડોદરામાં ટ્રાફિક સર્વે માટે ડ્રોન ઉપયોગ શરૂ

વડોદરામાં ટ્રાફિક શાખા દ્વારા ટ્રાફિકનું ભારણ ધરાવતા મુખ્ય સિગ્નલોનું ડ્રોનના માધ્યમથી સર્વે શરૂ કરાયો છે. આ સર્વેનો મુખ્ય હેતુ સિગ્નલના ટાઈમિંગને ઑપ્ટિમાઇઝ કરીને નાગરિકોને ટ્રાફિક જંક્શનો પર ઓછામાં ઓછા સમય સુધી ઊભા રહેવું પડે તેવું આયોજન કરવાનો છે. ટ્રાફિક શાખાના જણાવ્યા મુજબ, દિવસ અને રાત્રિ દરમિયાન ટ્રાફિકનું ભારણ અલગ-અલગ હોય છે, તેથી ડ્રોન સર્વેના ડેટાના આધારે સિગ્નલના ટાઈમમાં ૫ થી ૧૦ સેકન્ડનો ફેરફાર કરીને વાહનો એક પછી એક સિગ્નલ સરળતાથી પાર કરી શકે તેવું સિંક્રોનાઇઝેશન કરવામાં આવશે. પ્રથમ ફેઝમાં ખોડિયારનગર ચાર રસ્તા, L&T સર્કલ, માણેકપાર્ક સર્કલ અને સરદાર એસ્ટેટ સહિત ૫ જંક્શનોને આવરી લેવાયા છે. આ એક નવો પ્રયોગ છે, જે વડોદરામાં ટ્રાફિકની ગતિને સુધારશે.



## જેસર: વીરપર ગામના ૪ યુવાનોની ગુજરાત પોલીસ દળમાં પસંદગી

જેસર તાલુકાના વીરપર ગામ માટે આત્મ-ગૌરવની ક્ષણ આવી છે. ગામના ચાર યુવાનોની ગુજરાત પોલીસ દળમાં પસંદગી થતા વીરપરમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો છે. આ ચાર સફળ ઉમેદવારોમાં વાળા પ્રભાતસિંહ, ગોહિલ હંસરાજસિંહ, રાઠોડ કિરણબેન અને ગોહિલ ચંદ્રાબેનનો સમાવેશ થાય છે. આ યુવાનોએ પોતાની નિષ્ઠા અને સખત પરિશ્રમ દ્વારા આ સિદ્ધિ હાંસલ કરી છે. પોલીસ દળમાં પસંદગી પામવું એ માત્ર યુવાનો માટે નહીં, પરંતુ સમગ્ર ગામ માટે ગર્વની વાત છે. આ સિદ્ધિ બદલ વીરપરના ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તેઓએ યુવાનોને સન્માનિત કરીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમની સફળતા અન્ય ગ્રામ્ય યુવાનો માટે એક પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડે છે.





## શહેરમાં દારૂ પ્રકોપ વધ્યો, અનેક લોકો ઝડપાયા

વડોદરા શહેરમાં ૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ દારૂ સંબંધિત કુલ ૧૯ કેસો સામે આવ્યા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાંથી મળેલી માહિતી મુજબ, કુલ ૩૫ લીટર દેશી દારૂ અને એક ઇંગ્લીશ દારૂની બોટલ મળી કુલ ₹૭,૬૫૭નો માલ જપ્ત કરાયો. તપાસ દરમ્યાન પીધેલા ૧૦ સહિત કુલ ૧૪ વ્યક્તિઓને ઝડપી લેવામાં આવ્યા. સતત વધતી આવી ઘટનાઓ શહેરમાં ગેરકાયદેસર દારૂ પ્રવૃત્તિઓના વધતા જતાં ચલણને સ્પષ્ટ કરે છે, જેમાં સ્થાનિક સ્તરે ચિંતા વ્યક્ત થઈ રહી છે.

## વડોદરામાં બે ઘરફોડ ચોરી કેસો, દાગીના ઉડ્યા લાખોના

વડોદરામાં એક જ દિવસે ઘરફોડ ચોરીના બે બનાવો સામે આવતાં શહેરમાં સુરક્ષા અંગે ચિંતા વધતી જોવા મળી છે. મકરપુરા વિસ્તારમાં, તરસાલીના વિજયનગરમાં રહેતી મીનાક્ષીબેનના ઘરે સવારે એક કલાકની અંદર અજાણ્યા ચોરે પ્રવેશ કરી કબાટમાંથી લગભગ ₹૧.૪૦ લાખના સોના-ચાંદીના દાગીના લઇ ફરાર થયો. બીજી ઘટનામાં ગોત્રીના સાંઈનાથ વુડામાં, ઘરે કોઈ ન હોય ત્યારે ખાનગી ચાવીનો ઉપયોગ કરી અંદર ઘુસીને ₹૫૭,૦૦૦ જેટલા આભૂષણ અને રોકડની ચોરી થઇ. બંને બનાવોમાં તપાસ ચાલુ છે અને આસપાસના વિસ્તારોમાં સાવચેતી વધારવા વિનંતી કરવામાં આવી રહી છે.

## લાલબાગ બ્રિજ પાસે નશામાં ચાલકે ટક્કર મારી બે ઈજાગ્રસ્ત

વડોદરાના લાલબાગ બ્રિજ પાસે ૨ ડિસેમ્બર, ૨૦૨૫ની સાંજે નશાના હાલતમાં ડ્રાઇવિંગ કરતો એક્ટિવા ચાલક અકસ્માત સર્જી ભાગેલો કિસ્સો સામે આવ્યો છે. વિશ્વામિત્રી તરફથી આવતો સ્કૂટર નં. GJ-06-NQ-4318 ચલાવનાર ઈસમએ સિલ્વર ફ્લેટ, સોમા તળાવ વિસ્તારમાં રહેતી પ્રાચીબેન ચતુર્વેદીના સ્કૂટરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં પ્રાચીબેનને જમણા પગ અને આંખ પાસે ઈજા પહોંચી હતી, જ્યારે તેમની સાથેની સાક્ષી સોનલબેનને જમણા હાથની કોણી તેમજ કપાળ પર ઘા લાગ્યા. વાહનને આશરે ₹૧,૦૦૦ જેટલું નુકસાન થયું હોવાનું જાહેર થયું છે. અકસ્માત બાદ આગળની કાર્યવાહી માટે જાણકારી એકત્રિત કરવામાં આવી રહી.

## સોશિયલ મીડિયા મિત્રએ ૧.૨૩ કરોડની છેતરપિંડી કરી

વડોદરા શહેરમાં સાયબર ફ્રોડનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં જેતલપુર રોડ પર રહેતી ૫૦ વર્ષીય અનુપમાબેન અમીન સોશિયલ મીડિયા પર મિત્રતા કરનાર એક અજાણ્યા ઠગનો શિકાર બન્યા છે. સેમ્યુઅલ જોસેફ નામના આ શખ્સે ચેટિંગ દ્વારા મહિલાનો વિશ્વાસ જીત્યો અને ત્યારબાદ તેમને બીટકોઈન ઇન્વેસ્ટમેન્ટ કરવા માટે લલચાવ્યા.

ઠગની વાતોમાં આવીને મહિલાએ રોકડ તેમજ આર.ટી.જી.એસ./યુ.પી.આઇ. દ્વારા કુલ રૂપિયા ૧,૨૬,૨૬,૪૪૫ તેના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. છેતરપિંડી આચરનાર સેમ્યુઅલે શરૂઆતમાં નજીવો નફો (રૂ. ૩,૨૪,૯૮૮) પરત મોકલી વિશ્વાસ જાળવ્યો હતો, પરંતુ બાકી નીકળતા કુલ રૂ. ૧,૨૩,૦૧,૪૬૭ કોઇપણ જગ્યાએ રોક્યા નહોતા અને આ સંપૂર્ણ રકમ પોતાના અંગત કામમાં વાપરી નાખી હતી.

પોતાની સાથે થયેલી આ ગંભીર છેતરપિંડી અંગે મહિલાએ પાદરા પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. આટલી મોટી રકમની છેતરપિંડીને પગલે પોલીસે આ આર્થિક સાયબર ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અજાણ્યા ઠગ સેમ્યુઅલ જોસેફ સામે ગુનો નોંધીને ટેકનિકલ તપાસ દ્વારા આરોપીને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.




**વડોદરાની ૫૦ વર્ષીય મહિલા સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા કેળવીને બીટકોઈન ઇન્વેસ્ટમેન્ટના નામે સાયબર ઠગે ૧.૨૩ કરોડની છેતરપિંડી આચરી. ફરિયાદ નોંધાઈ.**

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## વડોદરામાં ત્રણ દિવસમાં ત્રણ અકસ્માતનાં CCTV દૃશ્યો સામ

વડોદરાના સમા વિસ્તારમાં આવેલી મામલતદાર કચેરી નજીકનો કટ છેલ્લા ત્રણ દિવસમાં અકસ્માતોના સિલસિલાનું કેન્દ્ર બન્યો છે. અહીં એક જ જગ્યાએ અને એક જ પેટર્નથી ત્રણ ગંભીર અકસ્માતો સર્જાયા છે, જેના લાઇવ સીસીટીવી ફૂટેજ હવે સામે આવ્યા છે.

આ અકસ્માતોની શરૂઆત ૩૦ નવેમ્બરથી થઈ, જ્યારે બે બાઇક ધડાકાભેર ટકરાયા. ત્યારબાદ તે જ સાંજે એકસાથે ત્રણ બાઇક વચ્ચે ખતરનાક ટક્કર થઈ, જેમાં ૪ લોકોને ગંભીર ઇજાઓ પહોંચી. ગતરોજ એક એક્ટિવાચાલકને કારે અડફેટે લીધો હતો. આ વિચિત્ર અકસ્માતોમાં એક પીડિત નિતીન રાઠોડે અજાણ્યા બેદરકાર બાઇકચાલક સામે ફરિયાદ નોંધાવી છે, જેમાં તેના મિત્રને આંખની કીકીમાં ક્રેક અને નાકના ભાગે ફ્રેક્ચર થયું છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.



**વડોદરાના સમા વિસ્તારમાં મામલતદાર કચેરી પાસે માત્ર ૩ દિવસમાં એક જ જગ્યાએ ત્રણ ગંભીર અકસ્માત સર્જાયા. તમામના લાઇવ CCTV ફૂટેજ સામે આવ્યા.**

## વડોદરા: મૈત્રી કરારથી રહેતી યુવતીનું મોત, પિતાનો હત્યાનો આક્ષેપ

વડોદરાના રણોલી ગામમાં પ્રેમી સાથે દોઢ વર્ષથી મૈત્રી કરારથી રહેતી ૧૯ વર્ષીય યુવતી નેન્સીનો મૃતદેહ તેના ઘરેથી ગળેફાંસો ખાધેલી હાલતમાં મળતા ચકચાર. નેન્સીના પિતાએ સાસરિયાઓ દ્વારા હત્યા કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ મામલે સયાજી હોસ્પિટલ ખાતે બંને પક્ષ વચ્ચે મારામારી પણ થઈ હતી. પોલીસે મોબાઈલ ફોરેન્સિક તપાસ માટે મોકલી હત્યા કે આત્મહત્યાની દિશામાં તપાસ શરૂ કરી.



## વડોદરા: ૧૪ ડિસેમ્બરે ૫૦૦૦ મહિલાઓ સાડી પહેરી દોડશે,

વડોદરાના ઇતિહાસમાં એક અનોખી ઘટનાના સાક્ષી બનવા માટે તૈયાર રહો. એમજી વડોદરા મેરેથોન દ્વારા આગામી ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ શહેરના ઐતિહાસિક વિસ્તારોમાં 'ફેડરલ બેંક સાડી ગૌરવ રન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ નોન-કોમ્પિટિટિવ ફન રનમાં ૫૦૦૦થી વધુ મહિલાઓ ભારતીય પરંપરાગત વસ્ત્ર સાડી પહેરીને લગભગ ૩ કિલોમીટરનું અંતર કાપશે.

મેરેથોનના ચેરપર્સન તેજલ અમીને આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, સાડી આપણી સંસ્કૃતિનું વિશ્વમાં પ્રતિનિધિત્વ કરે છે અને એકસાથે ૫૦૦૦ મહિલાઓ સાડીમાં દોડે એ દૃશ્ય ખરેખર ઐતિહાસિક હશે. આ રન દ્વારા વડોદરા મેરેથોન વડાપ્રધાનના 'ફિટ ઇન્ડિયા' અભિયાનને મજબૂત બનાવવા સાથે ગ્લોબલ વોર્મિંગ અને સસ્ટેનેબિલિટી અંગે પણ જાગૃતિ ફેલાવશે.

આ ગૌરવ રન કીર્તિ સ્તંભ ગ્રાઉન્ડથી શરૂ થઈ ખંડેરાવ માર્કેટ, દાંડિયા બજાર અને પેલેસ ગેટ જેવા હેરિટેજ સ્થળો પરથી પસાર થશે. મેરેથોનના ડિરેક્ટર નિલેશ શુક્લાએ શહેરની દરેક મહિલાઓને આ ગૌરવ, પરંપરા અને શક્તિના પ્રતીક રનનો ભાગ બની ઇતિહાસ રચવા આહ્વાન કર્યું છે. આ રનમાં ભાગ લેવા માટે વડોદરા મેરેથોનની સત્તાવાર વેબસાઇટ પરથી ઓનલાઈન નોંધણી ફરજિયાત છે.



## એકતા યાત્રા શિનોર પહોંચી: ૧૧૫ કિમી પૂર્ણ, પાટીલનું આક્રમક નિવેદન

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની રાષ્ટ્રીય એકતા પદયાત્રા ૮મા દિવસે શિનોર પહોંચીને ૧૧૫ કિમી પૂરા કર્યા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજા રજવાડાંને એકસૂત્રે બાંધવા બદલ સરદારની બહાદુરીને બિરદાવી. કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ બિથલીથી જોડાયા અને નિવેદન આપ્યું કે, અમે લોખંડી પુરુષના વારસ, આંખ ઊંચી કરનારની આંખ કાઢી લેવાની તાકાત રાખીએ છીએ.



## GUમાં બબાલ: પૂતળું બાળવા ગયા પણ માચીસ ન મળી

ગુજરાત યુનિવર્સિટીમાં આજે વિદ્યાર્થી સંગઠન ABVP અને પોલીસ વચ્ચેના ઘર્ષણે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ વિરોધનું કારણ ભાવનગર NSUI જિલ્લા પ્રમુખ અર્શમાનખાન બલોચ છે, જેની કરોડોના સાયબર ફ્રોડમાં ધરપકડ થઈ છે. અર્શમાનખાન સાયબર ગઠિયાઓને એકાઉન્ટ પૂરા પાડી 25 ટકા કમિશન ખાતો હોવાનું ખુલતા ABVPએ વિરોધ નોંધાવ્યો હતો.

આ વિરોધ પ્રદર્શનમાં એક હાસ્યાસ્પદ ઘટના પણ બની હતી. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ABVPના કાર્યકરો પૂતળું લઈને તો આવી ગયા, પોલીસ સાથે ઝપાઝપી કરી પૂતળું બચાવી પણ લીધું, પરંતુ ખરા સમયે સળગાવવા માટે કોઈની પાસે માચીસ કે લાઈટર જ ન નીકળ્યું. બીજી તરફ પોલીસે પણ કડક વલણ અપનાવતા કાર્યકરોને જમીન પર ઢસડીને અને કપડાં ખેંચીને અટકાયત કરી હતી. લગભગ 10 મિનિટ સુધી ચાલેલી ખેંચતાણમાં પૂતળું તૂટી ગયું પણ સળગ્યું નહીં. ABVP નેતા ધ્રુમિલ અખાણીએ NSUI પર પ્રહાર કરતા કહ્યું હતું કે, "આ લોકો સમાજ સેવા નહીં પણ લૂંટ ચલાવવા સંગઠનમાં છે."



## ઝાપા બજારમાં જમીન વિવાદે હજારોને પડી મુશ્કેલી

સુરત મનપાના ઠરાવને પગલે ઝાપા બજારનો વર્ષો જૂનો જાહેર રસ્તો વિવાદનું કેન્દ્ર બન્યો. વ્હોરા સમાજના ટ્રસ્ટ સાથેની જમીન અદલા-બદલીના ઠરાવ બાદ રસ્તા પર માત્ર વાહનવ્યવહાર પ્રતિબંધિત હતો, પરંતુ ટ્રસ્ટે ગેરકાયદેસર લોખંડના ગેટ લગાવી બાઉન્સરો મૂકીને રાહદારીઓ સહિત તમામની અવરજવર બંધ કરી દીધી.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો કે સમાજના લોકો પોતાના વાહનો લઈને સહેલાઈથી પસાર થાય છે, જ્યારે અન્ય લોકોને પ્રવેશ મળતો નથી, જેનાથી લોકોને ૨ કિ.મી.નું ચક્કર લગાવવું પડતું હતું. વિવાદ વકરતા મેયર દક્ષેશ માવાણીએ તાત્કાલિક તપાસના આદેશ આપ્યા અને સ્પષ્ટ કહ્યું કે રાહદારીઓ માટે રસ્તો બંધ ન કરી શકાય. મેયરના આદેશ બાદ ગેરકાયદેસર ગેટ હટાવી દેવામાં આવ્યો છે.

## સુરતમાં સ્વચ્છતા-ફૂડ સેફ્ટી મેગા ડ્રાઈવમાં ધડાકેબંધ પગલાં

સુરત મહાનગરપાલિકાએ ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીના નિર્દેશ બાદ શહેરના મુખ્ય પ્રવાસન સ્થળો અને પ્રવેશ દ્વારો પર સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીની મેગા ડ્રાઈવ હાથ ધરી. ડુમસ બીચ પર ફૂડ વિભાગે ૬૮ સંસ્થાઓનું ચેકિંગ કર્યું જેમાંથી ૫૧ સંસ્થાઓને નિયમોના ઉલ્લંઘન બદલ નોટિસ અપાઈ અને ૧૦૩ સેમ્પલ લીધા. સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત શહેર અભિયાન હેઠળ ૬૭૪ સંસ્થાઓની તપાસ થઈ અને ૧૪૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાયું. કાયદાનું ઉલ્લંઘન કરનારાઓ પાસેથી રૂ. ૪,૩૬,૪૦૦ વસૂલાયા. સ્વચ્છતા ન જાળવનાર ૭૨ સંસ્થાઓને પણ નોટિસ મોકલાઈ.

## PM મોદીનો 'ચાવાળા' AI વીડિયો: કોંગ્રેસે પોસ્ટ કર્યો, ભાજપે અપમાન ગણાવ્યું

કોંગ્રેસે સોશિયલ મીડિયા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ચા વેચતા AI જનરેટેડ વીડિયો પોસ્ટ કરતાં રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ પ્રવક્તા ડૉ. રાગિણી નાયકે પોસ્ટ કરેલા આ વીડિયો સામે ભાજપે આક્રોશ વ્યક્ત કર્યો છે. ભાજપ પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ આને શરમજનક ગણાવીને OBC સમુદાયના વડાપ્રધાનનું અપમાન ગણાવ્યું. અગાઉ સપ્ટેમ્બરમાં પણ કોંગ્રેસે PM અને તેમનાં દિવંગત માતાનો AI વીડિયો પોસ્ટ કર્યો હતો.



## સુરત: ૨૦ હજાર માટે યુવકની ઘાતકી હત્યા, ગોડાદરામાંથી મૃતદેહ મળ્યો

સુરતમાં પિતા-પુત્રીના પવિત્ર સંબંધને લજવતો કિસ્સો સામે આવ્યો હતો, જેમાં કોર્ટે આજે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કાપોદ્રામાં 12 વર્ષની માસૂમ પર દુષ્કર્મ આચરનાર પાલક પિતાને 'અંતિમ શ્વાસ સુધી' જેલની સજા ફટકારાઈ છે. જ્યારે તેના 62 વર્ષીય મિત્રને આજીવન કેદ મળી છે. નરાધમોની હેવાનિયતથી સગીરા ગર્ભવતી બની હતી અને જન્મેલા બાળકનું મોત થયું હતું. કોર્ટે DNA રિપોર્ટ અને પીડિતાની જુબાનીને ગ્રાહ્ય રાખી આ કડક સજા સંભળાવી છે



## સુરત સાયબરે પકડી ૮૦૦ કરોડનો આંતરરાષ્ટ્રીય ફ્રોડ ગેંગ

સુરત સાયબર ક્રાઇમ સેલે બે ઉચ્ચ શિક્ષિત યુવાનો દ્વારા સંચાલિત એક વિશાળ આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. બી.ઇ. મિકેનિકલ જતીન ઠક્કર અને દીપ ઠક્કર, જેમને લાયકાત મુજબ ઓછો પગાર મળવાનો અસંતોષ હતો, તેમણે બેંગકોક અને વિયેતનામથી ૫૦ જેટલી બેટિંગ વેબસાઇટનું સંચાલન કર્યું હતું. પોલીસ તપાસમાં ખુલ્યું કે આ ગેંગે ૧૪૯ મ્યુલ બેંક ખાતાઓમાં કુલ ૮૦૦ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શનો કર્યા હતા. જતીન 'જોન રેપર' અને દીપ 'પિકાસો ટાઇસન' જેવા કોડનેમ વાપરતા હતા. તેઓ કતારગામના સ્થાનિક 'બ્રાન્ચવાળા' પાસેથી મ્યુલ ખાતા મેળવીને, હવાલા દ્વારા વિદેશમાં પૈસા મોકલી 'થ્રી-લેયર મોડ્યુલ' હેઠળ સમગ્ર નેક્સસ ઓપરેટ કરતા હતા. પોલીસે એલ.ઓ.સી. ઇશ્યુ કર્યા બાદ બંને મુખ્ય સૂત્રધારોને મુંબઈ એરપોર્ટ પરથી ઝડપી લીધા છે.




સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ભાવનગર: તળાજામાં ખેડૂતની વાડીમાંથી રૂ. ૫.૭૦ લાખનો ગાંજો ઝડપાયો

"નશા મુક્ત ગુજરાત" અભિયાન અંતર્ગત ભાવનગર SOG દ્વારા તળાજામાં મોટી રેડ પાડવામાં આવી છે. કુંડળી-ખોદીયા રોડ પર આવેલ વાડી વિસ્તારમાંથી રામભાઈ ભમ્મર નામના ખેડૂતે ગેરકાયદેસર રીતે ગાંજાના ૨૮ છોડ ઉગાડ્યા હતા. SOG ટીમે ૧૧.૪૧૦ કિલો વજનનો, જેની કિંમત રૂ. ૫,૭૦,૫૦૦/- થાય છે, તેટલો ગાંજાનો જથ્થો કબ્જે કર્યો છે. આ કાર્યવાહીથી નશાખોરીના દૂષણને ડામવા માટે તંત્રની કડક પ્રતિબદ્ધતા દેખાઈ છે.



## કિશોરી દુષ્કર્મ કેસમાં પાલક પિતાને મરણદંડ સમી સજા

સુરતમાં પિતા-પુત્રીના પવિત્ર સંબંધને લજવતો કિસ્સો સામે આવ્યો હતો, જેમાં કોર્ટે આજે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કાપોદ્રામાં 12 વર્ષની માસૂમ પર દુષ્કર્મ આચરનાર પાલક પિતાને 'અંતિમ શ્વાસ સુધી' જેલની સજા ફટકારાઈ છે. જ્યારે તેના 62 વર્ષીય મિત્રને આજીવન કેદ મળી છે. નરાધમોની હેવાનિયતથી સગીરા ગર્ભવતી બની હતી અને જન્મેલા બાળકનું મોત થયું હતું. કોર્ટે DNA રિપોર્ટ અને પીડિતાની જુબાનીને ગ્રાહ્ય રાખી આ કડક સજા સંભળાવી છે.



## SG હાઈવે અકસ્માત: પહેલા પગારના દિવસે જ યુવકનું મોત

અમદાવાદમાં રફ્તારના કહેરે વધુ એક આશાસ્પદ યુવાનનો ભોગ લીધો છે. એસજી હાઈવે પર નિરમા યુનિવર્સિટી પાસે વહેલી સવારે સર્જાયેલા અકસ્માતમાં 22 વર્ષીય કથન ખડાયતાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું છે. મૂળ ગોધરાનો કથન ગાંધીનગરમાં તેના નિઃસંતાન મામાના ઘરે દીકરાની જેમ રહેતો હતો અને એમ.ફાર્મ ભણવાની સાથે નોકરી કરતો હતો.

આ ઘટનાની સૌથી મોટી કરુણતા એ છે કે, અકસ્માત થયો તે જ દિવસે એટલે કે 1 ડિસેમ્બરે કથનનો પહેલો પગાર આવવાનો હતો. આગલી રાત્રે જ તેણે મામાને ઉત્સાહથી પૂછ્યું હતું કે, "મારો પહેલો પગાર આવશે, તમારે શું જોઈએ છે?" પણ નિયતિને કંઈક બીજું જ મંજૂર હતું. બીજી તરફ, તે જ દિવસે તેના માતા-પિતાની મેરેજ એનિવર્સરી પણ હતી. સવારે સાજો-સારો નોકરી ગયેલો દીકરો થોડા જ કલાકોમાં સફેદ કપડામાં લપેટાયેલો જોવા મળતા મામા સંજયભાઈ ભાંગી પડ્યા હતા. હિટ એન્ડ રન કરી ફરાર થઈ ગયેલા ચાલકને શોધવા હવે માંગ ઉઠી છે.



**અમદાવાદ SG હાઈવે પર ગમખ્વાર અકસ્માત. પહેલા પગાર અને પેરેન્ટ્સની એનિવર્સરીના દિવસે જ 22 વર્ષીય કથનનું મોત.**

## બીલખા: રાવત સાગર તળાવના પાળા માટે રૂ. ૨.૫૨ કરોડ મંજૂર

બીલખા ગામ માટે પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત અને જીવાદોરી સમાન ગણાતા રાવત સાગર તળાવને હવે નવી સુરક્ષા મળશે. આ તળાવના પાળાના નવીનીકરણ અને મજબૂતીકરણ માટે રાજ્ય સરકારે રૂ. ૨ કરોડ પર લાખ જેવી માતબર રકમ મંજૂર કરતાં સ્થાનિકોમાં હર્ષની લાગણી છવાઈ છે.

આ તળાવ રાજાશાહીના સમયમાં બનાવવામાં આવ્યું હતું, પરંતુ ૧૯૮૩માં ભયંકર પૂર અને વરસાદને કારણે તેની પાકી દીવાલમાં ગાબડું પડ્યું હતું, જેનાથી ગામમાં ભારે તબાહી અને જાનમાલનું નુકસાન થયું હતું. ત્યારબાદ દીવાલનું નવનિર્માણ થયું હતું, જેને આજે ૪૦ વર્ષ વીતી ગયા છે. પાળાની ઉંમર અને સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને, જુનાગઢ જિલ્લા પંચાયતના સદસ્ય અનકભાઈ ભોજકે સરકારમાં આ અંગે સતત રજૂઆતો કરી હતી. તેમની રજૂઆતોને સફળતા મળતા "રીસ્ટોનેશન એન્ડ સ્ટ્રેન્થનીંગ ઓફ રાવત સાગર માઈનોર ઈરીગેશન સ્કીમ" હેઠળ આ ભંડોળ ફાળવવામાં આવ્યું છે. આ તળાવ ૨૪ ફૂટ ઊંચાઈ અને અંદાજે ૧.૫ કિમીનો ઘેરાવો ધરાવે છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ તળાવની દીવાલ ભવિષ્યમાં તૂટવાની સંભાવના નહિવત્ થઈ જશે, જેનાથી બીલખાની જનતાને એક મોટી રાહત મળી છે અને તેમના પીવાના પાણીના સ્ત્રોતની સુરક્ષા સુનિશ્ચિત થઈ છે.



## ચોટીલા હાઇવે પર SMCનો મોટો દરોડો, રૂ. ૨.૧૩ કરોડનો દારૂ ઝડપાયો

ચોટીલા નેશનલ હાઇવે પર બુટલેગરો દ્વારા દારૂના મોટા જથ્થાની હેરાફેરી કરવાની યોજનાને ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) એ નિષ્ફળ બનાવી દીધી છે. SMC ને મળેલી બાતમીના આધારે, વડવાળા દર્શન હોટલ નજીક નાની મોલડી ગામની સીમમાં આવેલ ખરાબાની જમીન પર વિદેશી દારૂનું કટિંગ થવાનું હતું, તે પહેલા જ ટીમે ઓચિંતી રેડ કરી હતી.

SMC ની આ કાર્યવાહી ચોટીલા પંથકમાં અત્યાર સુધીના દારૂના સૌથી મોટા જથ્થાની જપ્તી છે. દરોડા દરમિયાન ટીમ દ્વારા વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨૮,૪૦૪ બોટલો, કોટન વેસ્ટ અને બે ટ્રાન્સપોર્ટ વાહનો સહિત કુલ રૂ. ૨,૧૩,૬૧,૭૨૦/- ની માતબર કિંમતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

રેડ દરમિયાન SMC એ સ્થળ પરથી ૭ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જોકે, દારૂ મોકલનાર મુખ્ય સૂત્રધાર, મંગાવનાર, ટ્રક માલિક અને ડ્રાઇવર/ક્લીનર સહિત ૫ શખ્સો ફરાર થવામાં સફળ રહ્યા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે ચોટીલા પોલીસ મથકે કુલ ૧૨ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ ટીમો દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.



**સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) એ ચોટીલા હાઇવે પરથી અત્યાર સુધીનો સૌથી મોટો વિદેશી દારૂનો જથ્થો (રૂ. ૨.૧૩ કરોડ) ઝડપ્યો. ૭ શખ્સો પકડાયા.**

## સુરત સ્મીમેર હોસ્પિટલનું સર્વર ઠપ્પ, દર્દીઓનો હોબાળો

સુરત મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિટલનો વહીવટ ફરી એકવાર ખાડે ગયો છે. આજે અચાનક સર્વર ડાઉન થતાં સારવાર માટે આવેલા સેંકડો દર્દીઓ બે કલાક સુધી રઝળી પડ્યા હતા. ઓપીડી ટોકન પ્રક્રિયા ઠપ્પ થતાં દર્દીઓ અને સગાંઓનો રોષ ફાટી નીકળ્યો હતો. દર્દીઓના આક્ષેપ મુજબ, હોસ્પિટલ સ્ટાફે તેમને 'વધુ તકલીફ હોય તો પ્રાઈવેટમાં જાઓ' તેવો ઉદ્ધત જવાબ આપ્યો હતો. પૂર્વ કોર્પોરેટરે તંત્રની 'લાલિયાવાડી' પર પ્રહાર કર્યા હતા. બીજી તરફ, સુપ્રિટેન્ડેન્ટે માત્ર ૧૫ મિનિટ સમસ્યા રહી હોવાનો લૂલો બચાવ કર્યો હતો.

## અમદાવાદમાં સપાટો: BU પરમિશન વિનાની ૨૮ મિલકતો સીલ

રાજકોટ ગેમ ઝોન દુર્ઘટના બાદ સુતેલું તંત્ર ફરી એકવાર સફાળું જાગ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આજે શહેરમાં મેગા ડ્રાઈવ યોજીને BU પરમિશન અને ફાયર સેફ્ટીના અભાવે ધમધમતી ૨૮ મિલકતોને સીલ કરી દીધી છે. એસ્ટેટ અને ફાયર વિભાગની આ સંયુક્ત કાર્યવાહીમાં ૧૬ હોસ્પિટલો, ૧૦ શૈક્ષણિક સંસ્થાઓ અને ૨ બેન્ક્વેટ હોલ પર તવાઈ બોલાવવામાં આવી છે. જોકે, માનવતા દાખવીને જે હોસ્પિટલોમાં દર્દીઓ સારવાર હેઠળ હતા, ત્યાં માત્ર એડમિન ઓફિસ સીલ કરાઈ છે. એક વર્ષ બાદ તંત્ર ફરી એક્શન મોડમાં આવતા સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

## મ્યુનિ કમિશનરે આગકાંડ બાદ અધિકારીઓની બેદરકારી પર સવાલ

અમદાવાદના વિરાટનગર ઓવરબ્રિજ નજીક વ્રજેશ્વરી કોમ્પ્લેક્સમાં લાગી આગ બાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ ઉત્તર ઝોનના અધિકારીઓની કાર્યશૈલી પર કડક પ્રશ્નો ઉઠાવ્યા. આગના સ્થળે ચીફ ફાયર ઓફિસર મોડા પહોંચ્યા હતાં, જેના કારણે કમિશનરે તાત્કાલિક પ્રતિસાદની જરૂરીયાત પર ભાર મૂક્યો. બિલ્ડિંગની બીયુ પરમિશન અને સીલિંગ પ્રક્રિયામાં થયેલી ખામીઓ અંગે પણ સ્પષ્ટતા માંગવામાં આવી. નાગરિકોની સુરક્ષા સૌથી પ્રથમ હોવી જોઈએ અને કોઈ બેદરકારી સહન નહીં કરવામાં આવે તેવી કડક ચેતવણી આપી.

## લિંબાયત કૃષ્ણનગરમાં બૂટલેગરોનો આતંક, ચાર આરોપી ઝડપી

સુરત લિંબાયતના કૃષ્ણનગર-૨માં અસામાજિક તત્ત્વોનો આતંક ચરમસીમાએ પહોંચ્યો છે. ગાળાગાળી કરતા બૂટલેગરોને રોકવા બદલ ૧૫-૨૦ શખસોએ એક પરિવારના ઘર પર પથ્થરમારો કર્યો, જેનો વીડિયો વાયરલ થયો. આંગણવાડી પાસે દારૂની બોટલો મળવાના આક્ષેપ સાથે લિંબાયત પોલીસની નિષ્ક્રિયતા પર સવાલ ઉઠ્યા છે. પોલીસે 'પાસા'નો આરોપી રવિ ઉર્ફે ચોકો સહિત ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરી.

## ઈસ્કોન કેસમાં તથ્યને રાહત નહીં, પિતાને મુક્તિ

અમદાવાદના ઇસ્કોન બ્રિજ અકસ્માત કેસના મુખ્ય આરોપી તથ્ય પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે. ગુજરાત હાઈકોર્ટે તથ્ય પટેલ દ્વારા કરાયેલી રિવિઝન અરજીની સુનાવણી દરમિયાન તેને સાપરાધ મનુષ્યવધની કલમ (IPC 304) માંથી મુક્તિ આપવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો છે. હવે તથ્ય પટેલ સામે IPC ૩૦૪ અને ૩૦૮ હેઠળ ટ્રાયલ ચાલુ રહેશે, જેમાં તેને ૧૦ વર્ષ સુધીની સજા થઈ શકે છે.

આ ચુકાદાથી તથ્ય પટેલને મોટો ફટકો પડ્યો છે, જ્યારે તેના પિતા પ્રજ્ઞેશ પટેલને હાઈકોર્ટે IPC ૩૦૪, ૩૦૮, ૨૭૯ સહિતની ગંભીર કલમોમાંથી મુક્તિ આપી છે. પ્રજ્ઞેશ પટેલ સામે હવે માત્ર IPC ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અને ૧૧૮ અંતર્ગત જ ટ્રાયલ ચાલશે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કેસની ટ્રાયલ ૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ શરૂ થઈ ચૂકી છે.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ગઢડામાં કોળી સમાજની બેઠક, વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાશે.

ગઢડા શહેરના આંગણે કોળી સમાજની એક અગત્યની બેઠક મળી હતી. આ બેઠકમાં બોટાદ જિલ્લાના કોળી સમાજના અનેક અગ્રણી નેતાઓ હાજર રહ્યા હતા. મીટિંગનો મુખ્ય એજન્ડા સમાજ અને ખાસ કરીને વિદ્યાર્થીઓના ઉત્થાન પર કેન્દ્રિત હતો. આગેવાનોએ સર્વસંમતિથી નિર્ણય લીધો છે કે આવનારા દિવસોમાં બોટાદ જિલ્લાના કોળી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજવામાં આવશે. આ પહેલ સમાજમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા અને યુવાનોને પ્રેરિત કરવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું ગણાય છે.



## અલંગમાં રૂ. ૧.૪૩ કરોડનો મુદ્દામાલ જપ્ત, ૮ ઇસમો ઝડપાયા

ભાવનગર જિલ્લામાં ગેરકાયદેસર ખાણ ખનીજની ચોરી રોકવા માટે ચાલી રહેલા અભિયાનના ભાગરૂપે અલંગ પોલીસ સ્ટેશનને મોટી સફળતા મળી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના સખત આદેશોને પગલે અલંગ પોલીસ અને ભુસ્તર શાસ્ત્રીની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું.

તા. ૦૨/૧૨/૨૦૨૫ ના રોજ ટીમે અલંગ વિસ્તારના લેસવડી ગામની માલિકી/ગૌચરની જમીન પર તપાસ હાથ ધરી, જ્યાં ગેરકાયદેસર રીતે રેતી કાઢવાની પ્રવૃત્તિ ચાલતી હતી. પોલીસે તત્કાળ કાર્યવાહી કરીને યોગરાજસિંહ ગોહિલ સહિત કુલ આઠ ઇસમોને સ્થળ પરથી પકડી પાડ્યા હતા, જેમાં ઘોઘા અને તળાજાના રહેવાસીઓનો સમાવેશ થાય છે.

પોલીસે સ્થળ પરથી રેતી ખનન માટે વપરાતા ત્રણ ડમ્પર, ચાર જેસીબી મશીન સહિત કુલ સાત વાહનો અને ત્રણ રેતી ગાળવાના ચારણા મળી કુલ રૂ. ૧,૪૩,૦૦,૦૦૦/- ની માતબર ર



કમનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. એટલું જ નહીં, ભુસ્તર શાસ્ત્રીની ટીમે પણ આ મામલાની ગંભીરતા જોઈને પકડાયેલા ઇસમો પાસેથી આશરે રૂ. ૧૮ લાખનો દંડ વસૂલવાની કાર્યવાહી શરૂ કરી છે. આ સફળ ઓપરેશન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે તંત્રની કડક પ્રતિબદ્ધતા દર્શાવે છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

## પીપાવાવ ડ્રેજિંગ: શિયાળબેટ ગામ ડૂબવાની ભીતિ, આવેદનપત્ર




જાફરાબાદના દરિયાઈ ટાપુ પર સ્થિત શિયાળબેટ ગામના રહેવાસીઓ આજે તેમના ગામ અને માછીમારોની રોજગારી બચાવવા માટે રાજુલા પ્રાંત કચેરી પહોંચ્યા હતા. ગામના સરપંચ મંજુબેન બાળધિયા અને યુવા આગેવાન જીવરાજભાઈ ગુજરીયા સહિતના ગ્રામજનોએ પીપાવાવ પોર્ટ દ્વારા LPG જેટી માટે ચાલતી ડ્રેજિંગ કામગીરી સામે સખત વિરોધ નોંધાવ્યો.

ગ્રામજનોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી જણાવ્યું કે પોર્ટ ઊંડાણપૂર્વક ડ્રેજિંગ કરી રહ્યું છે, જેના કારણે ગામનું માળખું નબળું પડી રહ્યું છે અને ભવિષ્યમાં શિયાળબેટ ડૂબી જવાની પૂરેપૂરી શક્યતા છે. આ ઉપરાંત, માછીમારોને તેમના બોયા કાઢી લેવા માટે કહેવાતા તેમની આજીવિકા પર જોખમ ઊભું થયું છે. ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો માછીમારોના પ્રશ્નનું નિરાકરણ ૨૪ કલાકમાં નહીં આવે તો ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે.

## ધોનીની મુલાકાતે ત્રણ યુવકોનો ખતરનાક બાઇક પીછો વાયરલ

વડોદરામાં પૂર્વ ક્રિકેટ કેપ્ટન એમ.એસ. ધોનીની મુલાકાત દરમિયાન ચાહકોની બેદરકારીનો વીડિયો ચર્ચામાં છે. યુનિવર્સિટી કાર્યક્રમ બાદ ધોની કારમાં પરત ફરી રહ્યા હતા ત્યારે ત્રણ યુવકો બાઇક પર પૂરપાટ ઝડપે પીછો કરતા દેખાયા. સુરક્ષા ગાડીઓ હોવા છતાં તેઓ કારની નજીક આવી બૂમો પાડી વીડિયો અને સેલ્ફી લેતા હતા. જીવ જોખમે કરાયેલા આ કૃત્યને કારણે મોટી દુર્ઘટનાની શક્યતા હતી, જેના કારણે સુરક્ષા વ્યવસ્થા અને ચાહકોની અતિઉત્સાહિત હરકતો પર ગંભીર સવાલો ઊભા થયા છે.

## ભાવનગર: કાળા નાળા કોમ્પલેક્ષમાં ભીષણ આગ, બાળકોનું રેસ્ક્યુ

ભાવનગર શહેરના કાળા નાળા વિસ્તારમાં આવેલ એક કોમ્પલેક્ષમાં ભીષણ આગ ફાટી નીકળતાં હડકંપ મચી ગયો છે. આ કોમ્પલેક્ષમાં બાળકોની હોસ્પિટલ સહિત અનેક તબીબી સંસ્થાઓ આવેલી હોવાથી પરિસ્થિતિ ગંભીર બની છે. આગના કારણે સર્જાયેલા ધુમાડાના ગોટેગોટા હોસ્પિટલના તમામ માળ પર ફેલાઈ ગયા હતા, જેના પગલે અંદર ફસાયેલા દર્દીઓ અને હોસ્પિટલ સ્ટાફમાં ગભરાટ ફેલાયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. બચાવ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. હાલમાં પ્રાથમિકતાના ધોરણે બાળકોની હોસ્પિટલમાં દાખલ નાના દર્દીઓ અને તેમના વાલીઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવી રહ્યા છે. જાનહાનિ ટાળવા માટે યુનિટો કામે લાગ્યા છે. કોમ્પલેક્ષમાં અન્ય લોકો ફસાયેલા હોવાની શક્યતાને જોતાં રાહત કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.



## બોટાદ SP ઑફિસ પાસે જ દારૂનું ખુલ્લેઆમ વેચાણ, પોલીસની ચૂપકીદી?

બોટાદમાં કાયદાનું શાસન છે કે દારૂ માફિયાઓનું? આ ગંભીર સવાલ આજે જિલ્લાની પ્રજાને સતાવી રહ્યો છે. બોટાદ SP ઑફિસ અને પોલીસ સ્ટેશનથી થોડાક જ ડગલાંના અંતરે, સાળંગપુર ધામના મુખ્ય માર્ગ પર બિનધાસ્તપણે ગેરકાયદે દારૂનું વેચાણ થઈ રહ્યું છે. આશ્ચર્ય અને આક્રોશની વાત એ છે કે આ ગેરકાયદે પ્રવૃત્તિ સરકારી તંત્રની આંખો સામે ધમધમે છે, છતાં કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી.

સ્થાનિક નાગરિકોનો સીધો અને સ્પષ્ટ આક્ષેપ છે કે આ બાબતે વારંવાર પોલીસને ફરિયાદ કરવામાં આવી છે, છતાં તંત્ર કુંભકર્ણની નિદ્રામાં હોય તેવું જણાય છે. ફરિયાદ કરવા જનારને પણ પોલીસ દ્વારા યોગ્ય સહકાર મળતો નથી, પણ ઉલટાનું 'સ્ટેશન સુધી આવો' કહી મામલો ટાળી દેવામાં આવે છે. આ પ્રકારના વર્તનથી કાયદાનું રક્ષણ કરનારી સંસ્થાની ભૂમિકા પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન મૂકાયો છે. લોકોમાં એવી લાગણી પ્રવર્તી રહી છે કે જાણે સરકારી તંત્ર કાયદાને બદલે દારૂના ધંધાને બચાવવા માટે સક્રિય હોય.

તાજેતરમાં, થરાદમાં દારૂ-ગાંજા-ડ્રગ્સના વધતા દૂષણ સામે અવાજ ઉઠાવનારને રાજકીય આરોપોનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે બોટાદમાં ખુલ્લેઆમ ચાલતા આ દૂષણ પર કોઈ પણ પ્રકારનું પગલું લેવાતું નથી. આ બેવડા માપદંડ પ્રજાને ખૂંચી રહ્યા છે. બોટાદના લોકોની સીધી માંગણી છે કે SP ઑફિસ પાસે જ ચાલતા આ ગેરકાયદેસર દારૂના ધંધા પર તત્કાળ અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે અને અવાજ ઉઠાવનારને બદનામ કરવાનું બંધ કરવામાં આવે.



## સંખેડા કેસનો વૉન્ટેડ આરોપી વાઘોડીયામાં મળી આવ્યો

"ઓપરેશન પરાક્રમ" અભિયાન અંતર્ગત વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ફરી એક કાર્યવાહી સફળ રહી છે. સંખેડા પોલીસ સ્ટેશનના પ્રોહિબીશન કેસમાં લાંબા સમયથી ફરાર ચાલતા રૂમાલભાઈ વાલસીંગભાઈ નાયક અંગે મળેલી ચોક્કસ માહિતી પરથી ટીમ સક્રિય બની હતી. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ નોંધાયેલા કેસમાં ભારતીય ન્યાય સંહિતા અને પ્રોહિબીશન એક્ટની કલમો હેઠળ કાર્યવાહી શરૂ થઈ હતી, પરંતુ આરોપી સતત સ્થાન બદલીને રહેતાં પકડાઈ રહ્યો ન હતો. તાજેતરમાં વાઘોડીયા તાલુકાના રામેશ્વરપુરા વિસ્તારમાં તેની હિલચાલની માહિતી મળતાં ટીમે સ્થળ તપાસ કરી અને તેને ત્યાંથી હસ્તગત કરી લીધો. નોંધાયેલા ગુનાએ અનુસંધાને આ ધરપકડ મહત્વપૂર્ણ ગણાઈ રહી છે અને વિસ્તારની ongoing કાર્યવાહી માટે પણ આ સફળતા અસરકારક સાબિત થશે. Authorities દ્વારા આગળની તમામ પ્રક્રિયા નિયમ મુજબ આગળ ધપાવવામાં આવી છે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫